ક્રમાંક : મકમ/ESC4/ન.બા./૮૧/૨૦૧૮/ ૩૭૯૭-૯૬

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લૉક નં. ૧૨, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાધીનગર.
તા. ૦૯/૦૫/૨૦૧૮.

**વંચાણે લીધા ::-**

(૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : જીસીઓ/ ૧૫૧૫/ન.બા.-૧૪/ખ, તા.૨૦/૧૧/૨૦૧૫
(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : મકમ/ESC-૪/વર્ગ-૧/૨૦૧૮/૭૩૩-૪૩, તા.૨૫/૦૧/૨૦૧૮
(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : મકમ/ESC-૪/વર્ગ-૧/૨૦૧૮/૭૪૪-૫૪, તા.૨૫/૦૧/૨૦૧૮

**કચેરી આદેશ ::-**

આમુખ (૧) માં વંચાણે લીધેલ ઠરાવ અન્વયે સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :જીસીઓ/૧૫૧૫/ન.બા.-૧૪/ખ, તા.૨૦/૧૧/૧૫થી ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગરના નિયંત્રણ હેઠળની કોલેજો અને યુનિવર્સિટીઓના મોનીટરીંગ તથા સુપરવિઝન માટે બે નવી ઝોનલ કચેરી તેમાં જણાવેલ શરતોએ શરૂ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. (નકલ સામેલ છે.) આમુખ: (૧) અને (૨)ના તા.૨૫/૦૧/૨૦૧૮ના આદેશથી સૌરાષ્ટ્ર ઝોનલ કચેરી, રાજકોટ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે અને મધ્ય ઝોનલ કચેરી, વડોદરા માટે એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા ખાતે શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ બંને ઝોનલ કચેરીઓએ નીચે મુબજની કામગીરી સોંપણીના આથી આદેશ કરવામાં આવે છે.

૧. ઝોનલ કચેરી, રાજકોટ

ઝોનલ કચેરી, રાજકોટ હસ્તક જિલ્લાઓ ૧. ગીર સોમનાથ ૨. જુનાગઢ ૩. અમરેલી ,૪. જામનગર ૫. રાજકોટ ૬. સુરેન્દ્રનર ૭.ભાવનગર ૮. કચ્છ ૯. દેવભૂમિદ્વારકા ૧૦. મોરબી (આ જિલ્લાઓની સરકારી/બિન સરકારી અનુદાનિત કોલેજો, સેલ્ફાઈનાસ કોલેજો, ગ્રામવિદ્યાપીઠો, જી.બી.ટી.સી., સંશોધન સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ.)

૨. ઝોનલ કચેરી, વડોદરા

ઝોનલ કચેરી, વડોદરા હસ્તક જિલ્લાઓ ૧.ડાંગ, ૨.વલસાડ, ૩. નવસારી, ૪.તાપી, ૫.સુરત, ૬. ભરૂચ, ૭.નર્મદા,૮.વડોદરા, ૯.છોટાઉદેપુર, ૧૦.પંચમહાલ, ૧૧.દાહોદ,૧૨.મહિસાગર, ૧૩.ખેડા, ૧૪. આંણદ (આ જિલ્લાઓની સરકારી/બિન સરકારી અનુદાનિત કોલેજો, સેલ્ફાઈનાસ કોલેજો, ગ્રામવિદ્યાપીઠો, જી.બી.ટી.સી., સંશોધન સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ.)

ઝોનલ કચેરીને કરવાની થતી કામગીરી (આ બાબતે અત્રેનીકકચેરી દ્વારા તા.૧૧/૦૨/૨૦૧૫ ના પત્રથી શિક્ષણ વિભાગ ખાતે જણાવેલ છે. જે અન્વયે બે ઝોનલ કચેરી મંજુર કરવામં આવેલ છે.

૧. પોતાના ઝોનમાં આવતી કોલેજોનું મોનીટોરીંગ, અને સુપરવિઝન અને કોલેજોને માર્ગ-દર્શન -તાલીમ - પ્રશિક્ષણ આપવાનું રહેશે.

- જેમાં અનુદાનિત કોલેજોનું પગાર ડેટાની ચકાસણી કરી ઈન્ડેક્ષ–બી ખાતે પગારની નિયમિત કામગીરી કરવાની રહેશે.

- બિન સરકારી અનુદાનિત કોલેજો કર્મચારીઓ/ કોલેજોની નિયમિત રજુઆત જેવી કે મેડીકલ બિલો, રજા મંજુરીના પ્રશ્નો અને કોલેજોની વહીવટી કામગીરી કરવાની રહેશે.
- બિન સરકારી અનુદાનિત કોલેજો ના કર્મચારીઓના પેન્શન કેસો, જી.પી.એફ.ની તમામ કામગીરી કરવાની રહેશે.
- માન્ય સરકારી, બિન સરકારી અનુદાનિત કોલેજો, સેલ્ફાઈનાસ કોલેજો, ગ્રામવિદ્યાપીઠો, જી.બી.ટી.સી.,સંશોધન સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના પ્રવેશ સંખ્યા તથા સંસ્થાના મહેકમની કાર્યભારણની તમામ ચકાસણી કરવાની રહેશે.

૨. જિલ્લા કક્ષાની કચેરીઓ લાયઝનીંગમાં સાથે રહીને આ કચેરીને જોડતી કડી રૂપ કામગીરી કરવાની રહેશે.

૩. કાયદાકીય જોગવાઈઓનો તથા સરકારશ્રીની વખતો વખતનો યોજનાઓનો અમલ કરાવવો અને તેની અધ્યત માહિતી નિભાવવી કરવાની રહેશે.

૪: રાજ્ય સરકાર,શિક્ષણ વિભાગ, અને હેડ ઓફિસ દ્વારા અમલમાં મુકાતા ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમોનું સુચારુ અને સરળ અમલીકરણ કરવાનું રહેશે.

૫. કોલેજ કક્ષાએ ઉભા થતાં શિક્ષણના વિદ્યાર્થીઓના અને શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિકસ્ટાફ સંબંધિત પ્રશ્નોનો નિકાલ કરવાનો રહેશે.

આ હુકમનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

નોંધ ઉપર મળેલ માન. નિયામકશ્રીના આદેશાનુસાર.

અધિક કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,

⇒ ડૉ.આર.એ.અગ્રવાલ, રીજીઓનલ જોઇન્ટ ડાયરેકટર વર્ગ-૧,સૌરાષ્ટ્ર ઝોનલ કચેરી, રાજકોટ.
⇒ શ્રી જે.એન.પંડયા, રીજીઓનલ જોઇન્ટ ડાયરેકટર વર્ગ-૧, મધ્ય ઝોનલ કચેરી, વડોદરા.
⇒ રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
⇒ રજીસ્ટ્રારશ્રી, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા.
⇒ સંબંધિત અધિકારીશ્રીઓ તમામ સદર કચેરી.
⇒ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ/વડોદરા
⇒ હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, સદર કચેરી.
⇒ રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.
⇒ શ્રેયાન અધિક્ષકશ્રી, સંબંધિત શાખા, સદર કચેરી.
⇒ હુકમ ફાઇલે.

નકલ સવિનય રવાના જાણ સારૂ.

⇒ સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, (ખ-શાખા) સચિવાલય, ગાંધીનગર.